જા.ન/પગાર/ડેટા/જુલાઇ-૨૦૨૨/ ૧૯૪૭

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
એ/૩, જિલ્લા સેવાસદન-૨
અઠવાલાઈન્સ,સુરત
તા.૩૦/૦૬/૨૦૨૨.

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની ગ્રાન્ટેડ પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક/પ્રાયોગિક શાળા/
સંસ્કૃત પાઠશાળા તરફ.

વિષય:- માહે જુલાઈ-૨૦૨૨ પેઈડ ઇન ઓગસ્ટ-૨૦૨૨ માટે પગારનાં ડેટા રજુ
કરવા બાબત

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, અત્રેના જિલ્લાની નિયમિત પગાર ધોરણ મેળવતી અનુદાનિત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં તમામ કર્મચારીઓનાં માહે જુલાઈ-૨૦૨૨નાં રજુ કરવાનાં થતાં પગાર ડેટામાં સાતમાં પગાર પંચ મુજબ પે-મેટ્રીક્ષ પત્રકમાં દર્શાવેલ લેવલ મુજબ ઇજાફો ઉમેરી જે ઇજાફાની રકમ આવે તે ઇજાફાની રકમ આવે તે ઇજાફાની રકમ R.T.-3માં E-01 BASIC દર્શાવવાનું રહેશે, તથા છઠા પગાર પંચ મુજબ જુલાઈ-૨૦૨૧ માસમાં મળેલ પગાર તથા ગ્રેડ-પે ઉપર ૩%નો માહે જુલાઈ-૨૦૨૨નો કાલ્પનિક ઇજાફો ગણતરી કરી તે મુજબ મળવાપાત્ર ઘરભાડા ભથ્થાની રકમમાં સુધારો કરી તે અંગેનાં ડેટા અલગથી R.T.-3માં E-04 HRA દર્શાવી રજુ કરવાના રહેશે.

**જે કર્મચારીઓનાં જાન્યુઆરી માસમાં ઇજાફો છુટતો હોય તેવાં કર્મચારીઓનાં નામો તથા તા-૩૧/૧૦/૨૦૨૨નાં રોજ સત્રાંત લાભ સાથે નિવૃત થતાં હોય અને માહે-જુનમાં જન્મતારીખ આવતી હોય તેવા કર્મચારીઓનાં નામો માહે-જુલાઈ માસનાં ઇજાફાનાં તથા ઘરભાડાનાં ડેટા પત્રકમાં દર્શાવવાનાં નથી. તેની ખાસ તકેદારી રાખશો.**

ઉપરોકત દર્શાવેલ ઇજાફાની રકમનાં ડેટા તથા ઘરભાડા ભથ્થાની રકમના ડેટા અલગ-અલગ પત્રકમાં કર્મચારીનાં કોમ્પ્યુટર એમ્પ્લોય નંબર ક્રમાનુસાર દર્શાવી બે કર્મચારીની વચ્ચે એક લીટી છોડી રજુ કરવાનાં રહેશે.

આ કચેરી હસ્તક આવેલ સુરત જિલ્લાની ગ્રાન્ટેડ પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક/પ્રાયોગિક શાળા/સંસ્કૃત પાઠશાળા માટે જુલાઈ-૨૦૨૨ પેઈડ ઇન ઓગસ્ટ-૨૦૨૨ માટે પગારનાં ડેટા નીચે મુજબની તારીખે સ્વીકારવામાં આવશે. તે મુજબ સમય મર્યાદામાં પગારનાં ડેટા બિનચૂક રજુ કરવા આથી જણાવવામાં આવે છે.

| ક્રમ | તારીખ/વાર | શાળા નંબર | સ્થળ | સમય |
|---|---|---|---|---|
| ૧ | તા.૦૪/૦૭/૨૦૨૨ સોમવાર | ૧ થી ૧૧૨ તથા ૨૪૯,૨૫૦,૨૫૧,૨૫૪,૨૫૬, ૨૫૮, ૩૦૧ | ટી એન્ડ ટી વી સાર્વજનિક હાઇસ્કુલ,નાનપુરા,સુરત | સવારે ૧૦-૩૦ થી ૦૨-૦૦ સુધી |
| ૨ | તા.૦૫/૦૭/૨૦૨૨ મંગળવાર | ૧૧૩ થી ૨૨૯ તથા ૨૫૨,૨૫૭,૨૬૧,૨૭૩ | શ્રી એમ.બી.વામદોત સાર્વજનિક હાઇસ્કુલ,બારડોલી,સુરત | સવારે ૧૦-૩૦ થી ૦૨-૦૦ સુધી |

નોંધ:-પગાર ડેટા રજુ કરતી વખતે નીચે મુજબની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

- ઈજાફા માટે આપને મોકલવામાં આવેલ તા-૩૦/૦૬/૨૦૨૨ની યાદી મુજબ ફક્ત જે કર્મચારીનાં ઈજાફાની રકમમાં સુધારો થતો હોઈ તેવાં જ કર્મચારીઓનાં ડેટા R.T.-3માં રજુ કરવા.
- પગાર ડેટા શાળાનાં પગાર સબંધિત કામગીરી સંભાળતા કર્મચારી દ્વારા જ રજુ કરવાનાં રહેશે અથવા શાળાનાં આચાર્યશ્રી દ્વારા રજુ કરવાનાં રહેશે. સબંધિત કામગીરી કરતા કર્મચારી/આચાર્યશ્રી શાળામાં ન હોય તો પગાર ડેટા રજુ કરવા માટે મોકલવામાં આવતાં કર્મચારીને સદર કામગીરી માટે ઓથોરીટી આપી મોકલવાનાં રહેશે. પગાર સબંધિત કામગીરી સંભાળતા કર્મચારી દ્વારા ડેટા રજુ કરવામાં આવશે તો ડેટા સ્વીકારવામાં આવશે નહિ.જેની શાળાનાં આચાર્યશ્રીએ નોંધ લેવી.
- ડેટા રજુ કર્યા બાદ તેમાં સુધારા વધારા થઇ શકશે નહિ. સમયમર્યાદા બાદ ડેટા સ્વીકારવામાં આવશે નહિ.
- શાળા દ્વારા રજુ કરવામાં આવતાં પગાર ડેટાનાં દરેક પત્રકો પર શાળા કોમ્પ્યુટર કોડનાં સિક્કા અવશ્ય કરવા.
- શાળા દ્વારા રજુ કરવામાં આવતાં પગાર ડેટાનાં પત્રકોમાં એમ્પ્લોય નંબર,બજેટ કોડ,ડેટા ટાઈપ,કંપની કોડ વગેરે ચોકસાઈપૂર્વક અને ક્ષતિરહિત ભરવાનાં રહેશે.જેની ખાસ નોંધ લેશો.

હિસાબી અધિકારી(વર્ગ-૨)<br>
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી<br>
સુરત,જિલ્લો-સુરત.